# પૂજ્ય લાલચંદભાઈના પ્રવચનો - પ્રથમ પ્રવચનથી

## પ્રવચન નં :-૧. તાઃ-૨૪-૪-૮૭

## શ્રી સમયસાર ગાથા-૨૯૭ Version 2

આ સમયસારજી પરમાગમ શાસ્ત્ર છે. તેનો મોક્ષ અધિકાર ચાલે છે. મોક્ષ અધિકારમાં ૨૯૭ નંબરની ગાથા આવી છે. ૨૯૭ નંબરની ગાથામાં શિષ્યનો પ્રશ્ન છે કે-**આ આત્માને પ્રજ્ઞા વડે** એટલે જ્ઞાન વડે **કઇ રીતે ગ્રહણ કરવો?** કઇ રીતે ગ્રહણ કરવો એટલે કઇ રીતે જાણવો. કઇ રીતે જાણવો એટલે કેવી રીતે અનુભવવો. જાણવો એટલે અનુભવવો-પ્રત્યક્ષ. પરોક્ષની વાત નથી. અંતર્મુખ શ્રુતજ્ઞાન વડે શુદ્ધાત્માને કેવી રીતે પ્રત્યક્ષ અનુભવી શકાય? એવો એક શિષ્યનો સુંદર પ્રશ્ન છે.

અનાદિકાળથી આત્માએ પોતાના જ્ઞાન વડે, પોતાના શુદ્ધાત્માને, એક સમય માત્ર પણ અનુભવમાં લીધો નથી. એ મોટામાં મોટી તેની ભૂલ છે. બધી ક્રિયા કરી પણ જ્ઞાન વડે આત્માને જાણ્યો નહીં. એ શિષ્યનો પ્રશ્ન છે કે પ્રભુ! મેં ઘણી ક્રિયા કરી પણ મને શાંતિ થઇ નહીં. મને આનંદ આવતો નથી. તો હવે કેવી રીતે જ્ઞાન વડે આત્માને જાણવો, અનુભવવો? કૃપા કરીને મને એ વિધિ બતાવો. એવો એક પ્રશ્ન સુંદર છે. તેનો ઉત્તર આપે છે.

**पण्णाए धितव्वो जो चेदा सो अहं तु णिच्छयदो ।**
**अवसेसा जे भावा ते मज्झ परे ति णादव्वो** ॥ २९७ ॥
**પ્રજ્ઞાથી ગ્રહવો-નિશ્ચયે જે ચેતનારો તે જ હું,**
**બાકી બધા જે ભાવ તે સૌ મુજ થકી પર-જાણવું. ૨૯૭**

કુંદકુંદઆચાર્ય ભગવાનનું અલૌકિક શાસ્ત્ર છે. ભાગવતી શાસ્ત્ર છે, દૈવી શાસ્ત્ર છે. તેનો અર્થ સમજાવતા કહે છે કે પ્રજ્ઞાવડે એટલે જ્ઞાન વડે. જ્ઞાન વડે એટલે શાસ્ત્રજ્ઞાન નહીં. શાસ્ત્રજ્ઞાન તે જ્ઞાન નથી. તે ઇન્દ્રિયજ્ઞાન છે, એ ખરેખર જ્ઞેય છે. ખરેખર અજ્ઞાન છે. જ્ઞાન નથી. કેમકે જે જ્ઞાનમાં ભગવાનઆત્મા ન જણાય તેનું નામ અજ્ઞાન છે. અજ્ઞાનની વ્યાખ્યા શું છે? કે જે જ્ઞાનમાં પોતાનો શુદ્ધાત્મા ન જણાય અને આત્મા સિવાય બીજી ચીજ જણાય તેને પરમાત્મા અજ્ઞાન કહે છે.

તો કહે છે કે **પ્રજ્ઞા વડે** એટલે આત્માના જ્ઞાન વડે આત્માને આત્માના જ્ઞાનવડે **(આત્માને) એમ ગ્રહણ કરવો કે-** એમ જાણવો કે, એમ અનુભવમાં લેવો કે, **જે ચેતનારો છે તે નિશ્ચયથી હું છું.** આહાહા! આ હું કોણ છું તેનો ઉત્તર આપે છે અને એ હું કેવી રીતે આત્મા પોતાને પ્રત્યક્ષ થાય તેની વિધિ બતાવે છે. કે જે ચેતનારો છે, જ્ઞાનવડે એમ ગ્રહણ કરવું કે જે ચેતનારો છે, ચેતનારો એટલે જાણનારો અને દેખનારો. તેના બે પેટા ભેદ છે. ચેતવું એટલે જાણવું અને દેખવું, તેના બે ભેદ - પ્રકાર છે. અભેદથી ચેતવું અને ભેદ કરો તો દેખવું અને જાણવું એવા બે ભેદ તેમાં પડે છે.

તો **ચેતનારો છે તે નિશ્ચયથી હું છું, બાકીના જે ભાવો છે** આ રાગાદિ પુણ્ય-પાપના પરિણામો, વ્યવહારરત્નત્રયના પરિણામો, એ પરપદાર્થો, પરભાવો. **બાકીના જે ભાવો છે** જે ભાવો છે એટલે આ

આત્મા સિવાય બીજાના બીજા ભાવો છે ખરા! બિલકુલ નથી તેમ નથી. પણ જે મારાથી પર છે બાકીના બીજા ભાવો **તે મારાથી પર છે એમ જાણવું.** આ ચેતનારો તે સ્વ છે અને પુણ્ય-પાપના પરિણામ એ મારાથી ભિન્ન હોવાથી એ પર છે પણ સ્વ નથી. એક આત્મા અને બીજો અનાત્મા છે.

**ટીકા :- નિયત સ્વલક્ષણને અવલંબનારી પ્રજ્ઞા વડે**, એટલે જ્ઞાન વડે. નિયત એટલે ત્રણે કાળ જ્ઞાનનું લક્ષણ, આત્માનું લક્ષણ ચેતના ચેતના ચેતના ચેતના જેનું લક્ષણ છે. એ **સ્વલક્ષણ** પોતાના લક્ષણ વડે, **અવલંબનારી પ્રજ્ઞા વડે**, એ જ્ઞાનમાં જ્ઞાનનું સ્વલક્ષણ ચેતના છે. ખરેખર ઇન્દ્રિયજ્ઞાન તે ચેતના નથી. આહાહા! તેમાં ચૈતન્યલક્ષણ ખરેખર વ્યાપતું નથી. જેમ રાગમાં વ્યાપતું નથી તેમ ઇન્દ્રિયજ્ઞાન પરાવલંબી જ્ઞાનમાં પણ વ્યાપતું નથી.

એ **સ્વલક્ષણને અવલંબનારી પ્રજ્ઞા વડે**, એ અભેદનો ભેદ છે. જ્ઞાન છે તે આત્માનો જ એક ભેદ છે. અને રાગ અને ઇન્દ્રિયજ્ઞાન તે અભેદ આત્માનો ભેદ નથી. અભેદ શુદ્ધાત્મા સામાન્ય છે, અતીન્દ્રિય જ્ઞાનમય આત્મા તેનો એક ભેદ તેને પ્રજ્ઞા કહેવામાં આવે છે. અને ઇન્દ્રિયજ્ઞાન છે તે અતીન્દ્રિય જ્ઞાનમય આત્મા એ અભેદનો ભેદ નથી માટે તે જ્ઞાન નથી પણ પરજ્ઞેય છે. તો રાગની વાત તો કયાં કરવી? રાગ તો આત્માથી ભિન્ન જ છે.

**સ્વલક્ષણને અવલંબનારી પ્રજ્ઞા વડે**, એટલે જ્ઞાન વડે **જુદો કરવામાં આવેલો**, જુદો કરવામાં આવેલો એટલે? કે જ્ઞાયક જ્ઞાનમય આત્મા અને જડ એવા રાગ તે બેનો સંયોગસંબંધથી જાણે આત્મા અને રાગ બેય એક હોય એવી જેની મિથ્યાબુદ્ધિ થઇ હતી. સુખમય આત્મા અને દુઃખમય જડ એવા ભાવો એ બેય જાણે એક હોય એવી જેને ભ્રાંતિ અનાદિકાળની હતી. સ્વભાવ અને વિભાવ બેય જાણે એક હોય એવી ભ્રાંતિ અનાદિકાળની તેને હતી. હવે કહે છે કે શ્રી ગુરુ મળ્યા ભેદજ્ઞાનનો મંત્ર આપ્યો, કે જ્ઞાનને અંદરમાં વાળીને જ્ઞાયકને જો તો રાગથી ભિન્ન અનુભવ તને થશે. રાગથી આત્મા ત્રણે કાળ ભિન્ન છે. રાગનું કરવું આત્માના સ્વભાવમાં નથી. કેમકે રાગ જડ છે અને આત્મા ચેતન છે. ચેતન જડને કોઇ કાળે કરી શકે નહીં.

એ પુણ્ય ને પાપને કરનારો પુણ્ય-પાપ જે ભાવ છે. એ આસ્રવભાવ છે. એ જડભાવ છે. એ જડભાવને કરનારો, ભાવકર્મને કરનારો એ દ્રવ્યકર્મ નામનું પુદ્ગલદ્રવ્ય છે. એ એને કરે છે. આત્મા શુભાશુભભાવને કરતો નથી પણ શુભાશુભભાવને કોઇક બીજો કરે છે એનું લક્ષ આત્મા ઉપર અકર્તા ઉપર નથી એટલે કે એ દ્રવ્યકર્મ ભાવકર્મને કરતો દેખીને જાણે હું એને કરું છું, (એવી ભ્રાંતિ તેને થાય છે.)

આજે શ્રી સમયસારની મોક્ષ અધિકારની ગાથા ૨૯૭ ચાલી છે. એમાં વિષય ઘણો ગંભીર અને અપૂર્વ હતો. અનાદિકાળથી આત્મા સ્વભાવે જ્ઞાયક-જ્ઞાતા હોવા છતાં, જાણનાર જાણનાર જાણનાર જાણનાર હોવા છતાં અનાદિકાળથી પોતે પોતાની મેળે હું કર્તા છું એમ માનીને પ્રવૃત્તિ કરે છે. કર્તા થઇ તો શકતો નથી પણ અભિમાન કરે છે કે, હું આનું કરું, તેનું કરું, આમ કરું, તેમ કરું. પરપદાર્થની કર્તાબુદ્ધિ તો ઠીક પણ અંદરમાં જે પુણ્ય-પાપના પરિણામની વૃત્તિ ઉત્પન્ન થાય છે. કષાયની તીવ્રતા અને મંદતા તેનો પણ જ્ઞાનાનંદ પરમાત્મા કર્તા નથી. છતાં પણ એ પરિણામને હું કરું છું એમ માને

છે. એનાથી કરીને તેને અજ્ઞાન ઊભું થાય છે. અજ્ઞાનથી જીવ દુઃખી થાય છે. જયારે જ્ઞાનીનો યોગ મળે ત્યારે સમજાવે છે કે ભાઇ! તું તો જ્ઞાતા છો ને કર્તા નથી, તું તો જાણનાર છો પણ કરનાર નથી. ત્યારે મહા મહેનતે ઘણા ઘણા ઘણા પ્રકારના પુરુષાર્થ વડે તે પોતાની કર્તાબુદ્ધિને દબાવે છે. હું કર્તા નથી પણ જ્ઞાતા છું.

પછી હું જ્ઞાતા છું એમાં આવતાં જાણે પરપદાર્થનો હું જાણનાર છું, પુણ્ય-પાપ થાય તેનો હું જાણનાર છું, કરનાર નથી. એમ પરને અને ભેદને જાણવાની બુદ્ધિ રહી જાય છે. પછી જ્ઞાની એમ કહે છે, કે જે પરિણામ તારા નથી, તારાથી થતાં નથી તેનો કરનાર તો પુદ્ગલદ્રવ્ય છે. તો જે પરિણામ પોતાના નથી પારકા છે, એ બધા પરદ્રવ્ય અને પરભાવ છે તેને જાણવાથી તને કિંચિત્ માત્ર લાભ નથી. તેને જાણતાં તને જ્ઞાન પણ નહીં થાય અને સુખ પણ નહીં થાય. માટે તું હવે તેનું જાણવું બંધ કરી દે.

દેહનું જાણવું બંધ કર, દેવ-ગુરુ-શાસ્ત્રનું જાણવું બંધ કર, આ શાસ્ત્રમાં આમ લખ્યું છે ને આ શાસ્ત્રમાં આમ લખ્યું છે. તારું એ બધું જાણપણું ખરેખર આત્માના અનુભવ પહેલાં એ અજ્ઞાનમાં જાય છે. કેમકે ઇન્દ્રિયજ્ઞાનથી પરને જાણતાં તેને મોહ, રાગ, દ્વેષ થયા વિના રહેતાં નથી. ઇન્દ્રિયજ્ઞાન હંમેશા પરની પ્રસિદ્ધિ કરે છે. અને સ્વઆત્માને તિરોભૂત કરે છે. ત્યારે જ્ઞાનીના યોગમાં આવતાં ફરી ફરીને જ્ઞાની વારંવાર કહે છે કે તારો આત્મા જ જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય છે. તારા જ્ઞાનથી જુદું જ્ઞેય હોય શકે જ નહીં. અને એ જે શાસ્ત્રમાં આવે છે કે પરપદાર્થ જ્ઞાનનું જ્ઞેય છે એ બધા વ્યવહારના કથન છે. ભાઇ!

નિશ્ચયથી તો પોતે જ્ઞાન છે અને જ્ઞાન પોતે જ્ઞેય પણ છે અને જ્ઞાન પોતે જ્ઞાતા પણ છે. એમ એક આત્મામાં ત્રણ ધર્મો છે. માટે તું ભેદને અને પરને જાણવાનું છોડી અને તારા અભેદ સામાન્ય આત્માને એકવાર જો. તો તને આત્માનો અનુભવ થશે. ભેદની કરવાની બુદ્ધિ છોડી દે અને જાણવાની બુદ્ધિ પણ છોડી દે. ભેદ એટલે પરિણામના ભેદો. જે કાંઇ પરિણામ થાય પરાશ્રિત કે સ્વઆશ્રિત એ પરિણામ માત્રથી આત્મા ભિન્ન છે. તેથી પરિણામનો કર્તા નથી. એટલે કે નવ પ્રકારના ભેદોનો કરનાર પુદ્ગલકર્મ છે. માટે આત્મા તેનો કર્તા નથી. એમ ચારે બાજુથી કર્તાબુદ્ધિ છોડાવી અને કહે છે કે ભેદને જાણતાં તને જ્ઞાન નહીં થાય. ભેદનું કરવું છોડયું પણ જાણવું તે છોડયું નહીં. તો તું જયાં ને ત્યાં જ છો કર્તા જ છો.

ભાષામાં અકર્તા આવ્યો પણ ભાવમાં અકર્તા થયો નથી. માટે ભેદને એટલે પરિણામના ભેદોને, પરિણામના પ્રકારોને જે કાંઇ પરિણામો થાય એ પરિણામોનું પણ લક્ષ છોડી દે. ભેદનું લક્ષ છોડી દે. અભેદ અનંતગુણનો પિંડ પરમાત્મા અંદર બિરાજમાન છે એને અંતરમાં જઇને તું જો. તો તને જ્ઞાન પણ થશે અને તને સુખ પણ થશે. જ્ઞાન એટલે અતીન્દ્રિય જ્ઞાન અને સુખ એટલે આત્મિક સુખ, તને આનંદનો અનુભવ આવશે. માટે હું પરિણામને કરતો નથી કેમ કે હું અકર્તા છું. હું પરિણામને જાણતો નથી કેમ કે હું જ્ઞાયકને જાણું છું. એમ વારંવાર અકર્તાના લક્ષે જ્ઞાયક ઉપર આવી જા. તો તને આત્માનો અનુભવ થશે. કર્તાબુદ્ધિ છૂટી જશે. ગૃહસ્થ અવસ્થામાં આત્મદર્શન થશે. અને અલ્પકાળમાં તારી મોક્ષ અવસ્થા પ્રગટ થશે. એક પરની કર્તાબુદ્ધિ અને પરને હું જાણું છું એ બે પ્રકારના પક્ષ

વ્યવહારના અનાદિકાળના છે.

આખા સમયસારમાં સાર એ છે કે પ્રજ્ઞા વડે ચેતનારાને ચેતું છું, પ્રજ્ઞા વડે જાણનારાને જાણું છું. જ્ઞાન વડે જાણનારાને જાણું છું. જે જ્ઞાન જેનું છે એને ન જાણે અને જે જ્ઞાન જેનું નથી તેને જાણવા જાય તો તેમાં જ્ઞાન ન થાય પણ અજ્ઞાન ઊભું થાય છે. માટે હવે થાકીને પણ તું એક વખત છ મહિના પ્રયોગ કર તો તને આત્માની પ્રાપ્તિ થાય છે કે નથી થાતી તે તું જો. અવશ્ય તને થશે. આ બે પ્રકારના દોષ અનાદિકાળના છે. ભેદનું કરવું અને ભેદનું જાણવું. ભેદ એટલે પરિણામ. પરિણામ માત્રનું નામ હોય તો ભેદ. ભેદને પરિણામ કહેવામાં આવે છે એ ભેદનું કરવું પણ નથી અને ભેદ પરિણામનો ભેદ છે તેનું જાણવું પણ બંધ કરી દે. એકવાર તો બંધ કરી દે. તને આત્મદર્શન થયા પછી એ ભેદો જયારે જણાશે ત્યારે તેને વ્યવહાર કહેવામાં આવશે.

તે પણ ફરી ફરીને, પછી તારે ભેદને જાણવાનું છોડી અને અભેદને જાણવા માટે પાછું ભેદને જાણવાનું છોડવું પડશે. સમ્યગ્દર્શન માટે તો ભેદનું જાણવું છૂટયું, સમ્યગ્દર્શન થયું, સવિકલ્પદશા આવી, ફરી ફરીને ઉપયોગને અંદરમાં જોડવા માટે, ચારિત્ર માટે પણ તારે પરિણામના ભેદને જોવાના બંધ કરવા પડશે. પર્યાયને જોવાનું બંધ કરીશ તો અંતરમાં સ્વભાવને જોનારી ચક્ષુ પ્રગટ થાય છે. તેને શાસ્ત્રની ભાષામાં દ્રવ્યાર્થિક ચક્ષુ કહેવામાં આવે છે. એ વડે આત્માના દર્શન થશે. આત્માના દર્શન વિના કોઇ પણ ક્રિયાકાંડ ગમે તેટલા કરે, વ્રત કરે, તપ કરે, જપ કરે, મંદિરો બંધાવે, દવાખાના બંધાવે અનેક પ્રકારના એ શુભભાવ કર્તાબુદ્ધિથી કરે છે પણ તેમાં ભવનો અંત આવતો નથી.

ભવનો અંત તો પોતાના શુદ્ધાત્માને અંતરમાં જઇને જાણવો, અનુભવવો અને અનુભવીને પ્રતીતમાં લેવો કે જાણનાર તે જ હું છું. તો વારંવાર એ પ્રકારે પ્રેક્ટિસ કરતાં તેને જરૂર આત્મદર્શન થઇ શકે છે. શરત એ છે કે એક કર્તાબુદ્ધિ છોડવી અને પરને જાણવાનો અભિપ્રાય પણ છોડી દેવો. પરને હું જાણતો જ નથી. પરને જાણતો નથી એમાં બધું આવી ગયું. ભેદને જાણતો નથી, પરને જાણતો નથી, લોકાલોકને જાણતો નથી. પરને જાણતાં ઇન્દ્રિયજ્ઞાનની ઉત્પત્તિ થાય છે. પરને જાણવું બંધ કર્યું તો નવું જ્ઞાન પ્રગટ થાય છે. તેને જાત્યાંતરજ્ઞાન કહેવામાં આવે છે. અપૂર્વ જાતનું જ્ઞાન છે કે જેમાં આત્માના દર્શન થાય. એ પ્રકારે ૨૯૭ ગાથામાં કહેવાનો આશય આ છે. હવે કોઇને કાંઇ પ્રશ્ન હોય તો પ્રશ્ન કરે તો ચર્ચા ચાલે. આજ તો અત્યારે ચર્ચા છે, અત્યારે સ્વાધ્યાય નથી.

મુમુક્ષુ :- જીવમાં પરિણામના ભેદો લેવા કે ગુણ-ગુણીના ભેદ લેવા?

ઉત્તર :-નહીં. પરિણામના ભેદો લેવા છે. કેમકે ગુણ-ગુણી તો અભેદ જ છે. તેનો ભેદ કરીને પછી અભેદમાં જાવું તેના કરતાં પર્યાયનો ભેદ તો પ્રગટ થાય છે અને ઓલું તો વસ્તુ અભેદ જ છે. એક સામાન્ય અને એક વિશેષ. સામાન્યમાં ભેદ કરે તો જ્ઞાન, દર્શન, ચારિત્રના ભેદ પડે છે પણ એ તો અભેદ જ છે. અભેદમાં ભેદ શા માટે કરવો? અને પર્યાયનો ભેદ તો છે છે ને છે માટે તેનું લક્ષ છોડવું. ઓનો ભેદ કરીને લક્ષ છોડવું એના કરતાં એ તો સામાન્ય તો અભેદ જ છે. અને પર્યાયનો ભેદ તો પ્રગટ થાય છે. એટલે પર્યાયના ભેદને જાણવાનું બંધ કરી દેવું. એમ (પ્રવચનસાર) ૧૧૪ ગાથામાં ગુણભેદને જાણવાનું બંધ કર એમ નથી કહ્યું પણ પર્યાયાર્થિક ચક્ષુને બંધ કર. પર્યાયને જાણવાનું બંધ

કરી દે તો તને દ્રવ્ય સ્વભાવ જણાશે.

બાકી સમજાવવા માટે દષ્ટિનો વિષય જ્ઞાન, દર્શન, ચારિત્રના ભેદથી સમજાવે. પણ એક સામાન્ય અને એક વિશેષ. જેટલું બને એટલું ટૂંકું કરવું જોઈએ. જેટલું બને તેટલું. સામાન્યમાં અનંતગુણો આવી જાય છે.

મુમુક્ષુ :- પરમાર્થપ્રતિક્રમણમાં નિયમસારમાં અને ૩૨૦ ગાથામાં એ બેમાં શું કહેવા માંગે છે?

ઉત્તર :- એ બેયમાં વાચ્ય તો સરખું છે વાચ્ય. પણ પ્રતિપાદનની પદ્ધતિના પ્રકારમાં ફેરફાર હોય છે. સમ્યક્જ્ઞાન તો રહે. ભેદને જાણે, અભેદને જાણ્યા પછી, સાધક. જાણેલો પ્રયોજનવાન થયો ને? પણ તે સવિકલ્પદશા આવી જાય છે. સાધકને સવિકલ્પદશા પોષાતી નથી. માટે હું ભેદને જાણતો નથી. હું તો અભેદને જાણું છું. ફરીથી ભેદને જાણવાનો નિષેધ કરીને અભેદમાં ચાલ્યો જાય છે. અભેદને જાણ્યા પછી ભેદને જાણે તો અજ્ઞાન નથી. પણ સમ્યગજ્ઞાન છે પણ તેમાં સવિકલ્પદશા આવે છે. અને જે ભેદને સવિકલ્પ દશામાં જાણે છે ને એને પણ ઇન્દ્રિયજ્ઞાન ઊભું થાય છે. ઇન્દ્રિયજ્ઞાનની અપેક્ષાએ સમજાવવામાં આવે તો ઇન્દ્રિયજ્ઞાન એ જ્ઞેય છે. એક અપેક્ષાએ અજ્ઞાન પણ છે એમ કહેવાય. કેમ કે, ભેદને જાણતાં શુદ્ધઉપયોગ પ્રગટ થતો નથી. માટે પતિત થયો એમ પણ કહેવાય. ઘણા પ્રકારો છે.

મુમુક્ષુ :- સાધક થયા પછી પણ પરને જાણે ત્યારે ઇન્દ્રિયજ્ઞાન ઊભું થાય છે?

ઉત્તર :- હા, ઊભું થાય-ઊભું થાય છે.

મુમુક્ષુ :- અભેદનું લક્ષ હોવા છતાં પણ...

ઉત્તર :- હોવા છતાં પણ. પરસત્તાવલંબનશીલ જ્ઞાન એ બંધનું કારણ છે. મોક્ષનું કારણ નથી. સાધકની વાત છે. પરસત્તાવલંબનશીલ જ્ઞાન એટલે ઇન્દ્રિયજ્ઞાન સાધકને પણ બાધક થાય છે. સાધકને સાધન થતું નથી. બાધક થાય છે. ..... મૂળમાં ઘા મારવો જોઇએ. ભેદને જાણવાનું સાધન ઇન્દ્રિયજ્ઞાન નથી. ઇન્દ્રિયજ્ઞાન પોતાને જાણતું નથી અને પરને પણ જાણતું નથી. એ ૧૭૨ (ગાથા પ્રવચનસાર)માં છે. બે બોલમાં, અલિંગગ્રહણના બોલમાં. આહાહા!

અરે! ઇન્દ્રિયજ્ઞાન જ્ઞાન જ નથી. ત્યાંથી વાત ઉપાડી! પછી એના દ્વારા ભેદને જાણે છે કે નથી જાણતો એ વાત પણ રહેશે નહીં.

મુમુક્ષુ :- .....ઇન્દ્રિયજ્ઞાન પરને જાણે છે કે નથી જાણતું એ વાત તો પછીની છે. પણ એ જ્ઞાન છે કે નથી?

ઉત્તર :- એ જ્ઞાન જ નથી. ઇન્દ્રિયજ્ઞાનનું નામ તો જ્ઞેય છે. મોહ રાજાએ તેનું નામ જ્ઞાન પાડયું છે. અને અરિહંતભગવાન કહે છે કે તેનું નામ જ્ઞાન જ નથી જ્ઞેય છે. તે જ્ઞેય કેના જેવું? કે બધી ઇન્દ્રિય તેમાં નાખી દીધી. ભાવેન્દ્રિય, ભાવેન્દ્રિયના વિષયો અને દ્રવ્યઇન્દ્રિય એ બધું પરજ્ઞેયમાં જાય છે. જ્ઞાન જ નથી. એમ. જ્ઞેયને બદલે જ્ઞાન માને છે એ ભુલ છે. એને જ્ઞાન માને છે ત્યાં સુધી તેને આત્મજ્ઞાન પ્રગટ થતું નથી. અને તેના દ્વારા હું જાણું છું આ ઇન્દ્રિય વડે એવી બુદ્ધિ રહી જાય છે. તું જાણ અને ઇન્દ્રિયજ્ઞાન વડે આત્મા જણાતો નથી એમ તું જાણ. આ બે બોલ તો અપૂર્વ છે.

ઇન્દ્રિયજ્ઞાન વડે આ ચંદ્રપ્રભુને આત્મા જાણતો નથી. ચંદ્રપ્રભુ પરમાત્માની પ્રતિમા છે ને તેને ઇન્દ્રિયજ્ઞાન વડે જાણે તેવો આત્માનો સ્વભાવ નથી. અતીન્દ્રિયજ્ઞાન વડે આત્માને જાણતાં એ ભગવાન ભગવાનમાં જણાય જાય.

મુમુક્ષુ :- લોકાલોકને જાણે છે? જ્ઞાનને જાણે છે?

ઉત્તર :- જ્ઞાનને નિશ્ચયથી જાણે છે તો લોકાલોક તેમાં જ્ઞાનમાં જણાય જાય છે નિમિત્તપણે. તો લોકાલોકને જાણે છે તેમ વ્યવહારથી પણ કહેવાય. નિશ્ચયથી તો જ્ઞાન જ જાણાય છે. સ્વસંબંધીનું અને પરસંબંધીનું જ્ઞાન જ જણાય છે. જ્ઞાનની પર્યાય જ જણાય છે. પણ લોકાલોક તેમાં નિમિત્ત છે એટલે નૈમિત્તિક જ્ઞાનની પર્યાય જણાય એમાં જે નિમિત્ત હોય તેને ઉપચારથી નિમિત્તને જાણે છે એમ કહેવામાં (આવે છે). નિશ્ચયથી તો એ જ્ઞેયાકારજ્ઞાન એ જ્ઞાનની પર્યાય છે. એ જ્ઞેયાકારજ્ઞાનને જ જ્ઞાન જાણે છે. પણ એ જ્ઞેયાકાર જ્ઞાનમાં લોકાલોક જ્ઞેય નિમિત્ત છે તો કાર્યમાં કારણનો ઉપચાર આપીને, જણાય છે જ્ઞાન અને ઉપચારથી કહેવાય કે લોકાલોક જણાય છે. એમાં કોઇ દોષ નથી.

જણાય છે નૈમિત્તિક અને કહેવાય કે નિમિત્તને પણ જાણે છે. (કેવળ નિજ સ્વભાવનું અખંડ વર્તે જ્ઞાન,) 'કહીએ કેવળજ્ઞાન (તે), દેહ છતાં નિર્વાણ'. એકલું નિશ્ચય ..... એવું જ્ઞેયાકાર અભેદ....પ્રવચનસાર. નૈમિત્તિકભૂત જ્ઞેયાકારો તો અહીંયાં જ્ઞાનનો પર્યાય અને તેમાં નિમિત્તભૂત જ્ઞેયાકારો જ્ઞેયના આકારો, એ લોકાલોક. લોકાલોક જ્ઞાનની સ્વચ્છતામાં જણાય છે. તો જ્ઞાનની પર્યાયનું નામ નૈમિત્તિકભૂત જ્ઞેયાકાર અને તેમાં લોકાલોક નિમિત્ત છે તો એ નિમિત્તભૂત જ્ઞેયાકાર.

એકનું નામ નિમિત્તભૂત જ્ઞેયાકારો અને અહીંયાં જ્ઞાનની પર્યાયનું નામ નૈમિત્તિકભૂત જ્ઞેયાકારો, અહીંયાં સ્વચ્છતા છે તો તેમાં ઝળકે છે જેમ દર્પણમાં, અરીસામાં બધું ઝળકે એમ. એમાં કાંઇ દોષ નથી. એ કાંઈ જ્ઞાન મલિન થતું નથી. લોકાલોક જણાય છે તો જ્ઞાન મલિન થતું નથી. ઉલટી જ્ઞાનની સ્વચ્છતા છે. લોકાલોક જ્ઞાનને જાહેર કરે છે. જ્ઞાન લોકાલોકને નહીં. એવી વસ્તુ છે.

પહેલાં અજ્ઞાની હતો કેમ કે, એમ માનતો હતો કે હું રાગનો કરનાર છું, ત્યારે પણ કરનાર તો પુદ્ગલકર્મ હતું. જ્યારે એમ માનતો હતો કે રાગનો હું કરનાર છું, ત્યારે ખરેખર તો કરનાર તો પુદ્ગલકર્મ હતું. પણ પુદ્ગલકર્મ કર્તા હોવા છતાં પણ, પોતાની ઉપસ્થિતિ દેખીને હું કરનાર છું એવી તેને ભ્રાંતિ થઇ હતી.

હવે જ્ઞાની મળ્યા પછી તું જ્ઞાનનો કરનાર છો અને રાગનો કરનાર નથી. ત્યારે તેણે કર્તાબુદ્ધિ છોડી, કર્તાબુદ્ધિ છોડયા પછી રાગ તો થાય છે. તો કહે છે કે રાગી તો પુદ્ગલ છે. રાગને પુદ્ગલ કરે છે. પહેલાં હું રાગને કરતો નહોતો પણ માનતો હતો. હવે ખ્યાલ આવ્યો કે હું રાગનો કરનાર નહીં, પુદ્ગલ કરે છે. તો એની માન્યતા મિથ્યાત્વની છૂટી ગઇ. બસ. બીજું કાંઇ નહીં. ફેર એટલો પડયો. પુદ્ગલ તેનું કાર્ય તો કર્યા જ કરે છે.

જેવી રીતે કુંભાર છે ને કુંભાર. એ ઘડાને કરતો નહોતો, કરનાર તો માટી હતી. પણ કુંભારની હાજરી હતી માટીના કાર્યકાળે, માટી જયારે ઘડાનો કાર્યકાળ હતો ત્યારે માટી કરનાર, પોતે તેનો જાણનાર હતો એને બદલે માન્યું કે ઘડાને મેં કર્યો. પછી જ્ઞાની મળ્યા (અને કહ્યું) કે ઘડાનો કરનાર તું

નથી, તું તો જાણનાર છે. ઘડો થાય તેનો જાણનાર છે, તો એ કર્તાપણાની માન્યતા છૂટી ગઇ. ઘડો પહેલાં બનાવતો હતો અને કર્તાબુદ્ધિ નીકળી ગઇ એટલે ઘડો થવાનો બંધ થઇ ગયો એમ નથી. ઘડો તો ચાલુ જ રહે છે. જ્ઞાની થયા પછી પણ ઘડાનું કાર્ય તો થયા જ કરે છે. આ જાણ્યા જ કરે છે. પહેલાં અભિમાન હતું, અભિમાન છૂટી ગયું. જાણ્યા કરે છે. કુંભાર પણ જ્ઞાની થઇ શકે છે. અને પોતાનો વ્યવસાય તો રહે છે. વ્યવસાય રહે છે પણ વ્યવસાયની પહેલાં શું હતું? કે ઘડાને હું કરું છું (એમ માનતો હતો). હવે ઘડાને હું કરતો નથી, માટી ઘડાને કરે છે. એવી બુદ્ધિ થઇ ગઇ.

એમ પર્યાયમાં પરના લક્ષે રાગ થાય તેનું કરનાર તો કર્મ હતો. પણ માનતો હતો કે હું રાગને કરું છું. રાગની કર્તાબુદ્ધિ છૂટી ગઇ. અને જડકર્મ તો રાગની રચના કર્યા કરે છે થોડોક ટાઇમ. પણ હું કરનાર છું એવી બુદ્ધિ છૂટી ગઇ. માટે ખરેખર રાગનો કર્તા હતો ને કર્તા બંધ થયો એમ નથી. કર્તા બીજો હતો ને માનતો હતો કે હું કર્તા છું એ માન્યતા છૂટી ગઇ. કર્મ કાર્ય કર્યા કરે છે.

પહેલાં કાપડની દુકાનમાં, વીસ વારનો તાકો હતો ભોગીભાઈ પાસે. તેમાં ઘરાક આવ્યો કે આમાંથી દસ વાર કાપી આપો. તો દસ વાર કાતર મુકીને કાપી દીધું. ત્યારે આ કાતર વડે મેં કાપ્યું એમ ભાસતું હતું. કાપી શકાતું નહોતું. પ્રતિભાસ હતો ખોટો. પણ જયારે જ્ઞાની મળ્યા (અને કહ્યું) કે તમારા હાથને કાતર અડતી નથી. કાતરને કપડું અડતું નથી. એ તો બેય સ્વયં કપાય છે. હું તો જાણનાર છું, કરનાર નથી. હવે થઇ ગયા જ્ઞાની. જયસુખભાઇ! જ્ઞાની મળ્યા પછી. ગયા દુકાને. બીજે દિવસે ઘરાક આવ્યો કે વીસ વારના તાકામાંથી દસવાર કાપી આપો શેઠ! કાતર લઇને કાપ્યું. આગલે દિવસે જે ક્રિયા હતી એ ને એ ક્રિયા ચાલુ રહી ને કર્તાબુદ્ધિ છૂટી ગઇ. આહાહા! આ સ્થિતિ છે. સમજમે આયા? દસ કિલો દાળ આપો. દાળ તો આપી, પણ મેં આપી ત્યાં સુધી તો અજ્ઞાન છે. બીજે દિવસે સંધ્યાબેન (કહે) પપ્પાજી! આપ કરનાર નથી, આપ તો જાણનાર છો. અચ્છા! હું જાણનાર છું? કર્તા નથી? કર્તા નથી. અચ્છા હું જ્ઞાતા છું.

બીજા દિવસે દુકાને ગયા. દસ કિલો દાળ આપો. દાળ આપે છે પણ કર્તાબુદ્ધિ છૂટી ગઇ. એ જો ક્રિયા કરવાવાળો બીજો છે, તેને તમે અટકાવી નહીં શકો. પુદ્ગલ તેની ક્રિયા કરે છે તેને અટકાવવાની તાકાત આત્મામાં નથી. અજ્ઞાન અવસ્થામાં કર્મ ને નોકર્મના પરિણામ કરતો હતો. ત્યાં સુધી અજ્ઞાની હતો.

હવે કહે છે કે કર્મ અને નોકર્મના પરિણામને જે ન કરે, માત્ર જાણે તે જ્ઞાની છે. એટલે કર્મ અને નોકર્મના પરિણામ તો થયા જ કરે છે. અજ્ઞાન અવસ્થામાં પણ થતાં હતા અને સાધક થયો તોપણ કર્મ અને નોકર્મના પરિણામ થાય છે. ત્યારે એ બોલે છે કે વ્યાપ્ય-વ્યાપક સંબંધ તેની સાથે છે. મારી સાથે વ્યાપ્ય-વ્યાપક (સંબંધ નથી). ગઇ કાલે પણ વ્યાપ્ય-વ્યાપક સંબંધ તેની સાથે જ હતો પણ માનતો હતો કે મારી સાથે વ્યાપ્ય-વ્યાપક સંબંધ રાગનો હતો. એ વ્યાપ્ય-વ્યાપક સંબંધની, કર્તા-કર્મ સંબંધની બુદ્ધિ ભ્રષ્ટ હતી, તે નીકળી ગઇ ખોટી બુદ્ધિ. અને પુદ્ગલ તો રાગને કર્યા કરે છે.

આત્મા જ્ઞાતા થાય છે એટલે પુદ્ગલની ક્રિયા અટકી છે, અટકાવે છે, એવી તાકાત આત્મામાં નથી. તો તો એ જ્ઞાતા જ થયો નથી. પુદ્ગલની ક્રિયા રાગની ક્રિયા અટકાવે તે જ્ઞાની નથી. રાગની

ક્રિયા અટકાવી શકાતી નથી. રાગનો હું કર્તા છું- એવી મિથ્યાબુદ્ધિ નીકળી જાય છે અને રાગની ક્રિયા થયા કરે છે થોડો ટાઇમ. થોડો ટાઇમ. માર્મિક વાત છે. અમારા વચ્ચે આ વાત તો ઊંડાણથી થાય.

શ્રોતા :- એમાં સ્વચ્છંદ ન આવી જાય?

ઉત્તર :-ના, સ્વચ્છંદ ન આવે. સમ્યગ્દર્શન થઇ જાય. સમ્યગ્દર્શન થઇ જાય, સાધક થઇ જાય, બાધક રહી જાય, બાધકનું જ્ઞાન રહી જાય, પુદ્ગલ રાગને કરે છે એવું જાણવું પણ રહી જાય. અને હું તેને કરતો નથી એમ પણ થઇ જાય. અને જ્ઞાનની સાથે આત્માને વ્યાપ્ય-વ્યાપક સંબંધ થઇ જાય. રાગની સાથે વ્યવહારે જ્ઞાતા-જ્ઞેયનો સંબંધ થઇ જાય. આ બધું રહી જાય, થઇ જાય. રહી જાય-થઇ જાય-જાણનાર રહી જાય. બસ.

આ હાથ છે ને સહેજે ઊંચો-નીચો થયા કરે છે અથવા પુદ્ગલ કર્યા કરે છે. શું કહ્યું? અચ્છા! આ હાથ છે ને તે ઊંચો-નીચો થઇ રહ્યો છે અથવા પુદ્ગલ તેને કરી રહ્યું છે. સમજ્યા? બે વાત કરી. પહેલાં (એમ કહેતો હતો) કે મેં હાથ ઊંચો કર્યો અને મેં નીચો કર્યો. જ્ઞાની મળ્યા તો કહે કે અરે ભાઇ! હાથ ઊંચો નીચો કરવો તે પુદ્ગલની ક્રિયા છે, તારી ક્રિયા નથી. અચ્છા! તો મારી ક્રિયા શું? તો કહે જાણવું-દેખવું. તો કર્તાબુદ્ધિ છોડી દે. અચ્છા! હું કર્તાબુદ્ધિ છોડી દઉં છું. હવે હાથ ઊંચો નહીં કરું અને નીચો પણ નહીં કરું. અરે! કર્તાબુદ્ધિ રહી ગઇ. અરે! કહું છું કે હું હાથ ઊંચો નીચો નહીં કરું! (મુમુક્ષુ:- તો પણ કર્તાબુદ્ધિ આવી ગઈ.) પહેલાં હાથ ઊંચો નીચો કરતો હતો, હવે ઊંચો પણ નહીં કરું અને નીચો પણ નહીં કરું. તો કર્તાબુદ્ધિ તો છૂટી ગઇ. તો (જ્ઞાની) કહે (છે) કે નથી છૂટી!

તો હવે શું કરવું? પહેલાં પુદ્ગલ તેનો કર્તા હતો. હવે તું જ્ઞાતા થયો, તોપણ પુદ્ગલ તો તેનું કાર્ય કરતું રહે છે. એમાં તને શું નુકસાન છે? 'હું કર્તા છું' એ મિથ્યાબુદ્ધિ છૂટી ગઇ. પુદ્ગલનું કાર્ય તો થયા કરશે. આહાહા!

પહેલાં સેલ્ફ ડ્રાઇવિંગ કરતો હતો (તો માનતો હતો કે) મોટર હું ચલાવું છું, સમજયા? મોટર હું ચલાવું છું. જ્ઞાની કહે અરે! મોટર સ્વયં ચાલે છે. તારો હાથ સ્ટીયરીંગને અડતો નથી. પેટ્રોલથી મોટર ચાલતી નથી. સ્વયં સંચાલિત છે? હા, પુદ્ગલ કર્તા છે. તેનો કર્તા છે કોઇ! તું નહીં. પુદ્ગલ કર્તા છે. ભાન થઇ ગયું. અચ્છા! હવે હું મોટર નહીં ચલાવું. ચલાવું તો કર્તાબુદ્ધિનો દોષ આવી જશે. અરે! મોટર ચલાવવાથી કર્તાબુદ્ધિનો દોષ આવતો નથી. 'મોટર હું ચલાવું છું'- એવી મિથ્યાબુદ્ધિથી કર્તાબુદ્ધિનો દોષ આવી જાય છે. ચાલતી તો રહે છે. તું નાખી દે ને પુદ્ગલ પર. પુદ્ગલ કર્તા છે અને હું જાણું છું . હું જાણું છું, પુદ્ગલ કર્તા છે. હું જાણું છું, પુદ્ગલ કર્તા છે. આહાહા! (કર્તાબુદ્ધિમાંથી) નિવૃત્તિ મળી જાય છે નિવૃત્તિ. સમ્યગ્દર્શન થઇ જાય છે.

પુદ્ગલની ક્રિયા રોકવાની તાકાત આત્માની નથી. પણ ઉપયોગ ફેરવીને આત્મા તરફ થઇ જવાની શક્તિ આત્મામાં છે. કરવું, ન કરવું, રોકવું તે ચીજ પોતાના આધીન છે જ નહીં. માન્યતા બદલી દે, બસ. શ્રધ્ધા બદલે છે, સમ્યગ્દર્શન થઇ જાય છે. અલ્પકાળમાં સ્થિરતા થઇ મોક્ષ થય જાય છે. તો શું જ્ઞાતા થયો તો હાથની ક્રિયા બંધ કરે છે? હાથની ક્રિયા પહેલાં કયાં કરતો હતો? માનતો હતો તે માન્યતા છૂટી ગઇ. પુદ્ગલ હાથ તો હલાવ્યા કરે છે.

ભાષા-ભાષાનો કર્તા હું નથી. કાલથી હું મૌન થઇ જાવ છું. ભાષા નીકળે તો કર્તાબુદ્ધિ આવે ને? ભાષા કાલથી બોલવી જ નથી. અરે! મૂર્ખ છો. તું જાણતો નથી કર્તા-અકર્તાનું સ્વરૂપ શું છે? ભાષા નું તો ગઇ કાલે પુદ્ગલ કર્તા હતું અને આજે પણ ભાષાનું કર્તા તો પુદ્ગલ જ છે. તું માનતો હતો કે ભાષા મેં કરી, એ માન્યતા છોડી દે. તે પુદ્ગલનું કાર્ય છે, એમ જોઇ લે. બસ. પુદ્ગલ કર્તા છે હું તો જાણું જ છું. તો સ્વચ્છંદ થઇ જાશે? નહીં, સ્વચ્છંદ નહીં થાય સમ્યગ્દર્શન થઇ જાશે. હું કરનારો છું - તેનું નામ સ્વચ્છંદ છે.

મિથ્યાત્વનું સ્વચ્છંદ, કર્તાબુદ્ધિને ભગવાને મિથ્યાત્વનું સ્વચ્છંદ કહ્યું છે. બહેનને કહ્યું જ્ઞાનીએ કે રોટલી તું નથી કરતી. અચ્છા! રોટલી હું નહીં કરું? રોટલીની તું કર્તા નથી. તો હું રોટલી નહિ કરૂં. નહિ કરૂં નહિ કરૂં, એમ ન બોલ. સાંભળ! તું વાત પહેલાં સાંભળ! રોટલીનો કર્તા આત્મા નથી. રોટલીનો કર્તા બીજો પદાર્થ છે. કોણ પદાર્થ છે? પુદ્ગલ. તો હું શું? જાણનાર. રોટલીનો કર્તા માનવાથી મિથ્યાત્વનો દોષ આવે છે. બીજા દિવસે રોટલી કરવાનું બંધ કરી દીધું. રસોડા બંધ. સ્વામીજી આવ્યા, ક્રોધી સ્વામીજી બરાબર, આવો કોઈ ક્રોધી (રોટલી લેવા), રોટલી નથી બનાવી? (તો બાઈ બોલી કે) હું કર્તા નથી. (સ્વામીએ કહ્યું) અરે! તું શું સમજે છે? કાંઇ સમજતી જ નથી. કાલ તું રોટલી કરતી હતી? કે આજે બંધ કરી? આહાહા! એ શું સ્વામીજી આપ બોલ્યા? રોટલી તું કાલે નહોતી કરતી. કર્તાપણાની માન્યતા હતી. કાલ રોટલી કરવાવાળા તો પુદ્ગલ હતા. અને આજે રોટલી કરશે તો પુદ્ગલ કરશે. તું કયાં કરવાવાળી છો? તું તો જાણવાવાળી છો. આહાહા! ધર્મપત્નીને સમ્યગ્દર્શન થઇ ગયું. બોલો! એવું જ સ્વરૂપ છે.

પહેલાં કર્તા હતો નહીં. કર્તાબુદ્ધિ હતી, મિથ્યાબુદ્ધિ હતી. કરનાર કોઇક હતું અને માનનાર હું કરૂં છું. દુકાનનો વહીવટ હું કરૂં છું, તેમ માનતો હતો. મોટર ચાલતી હતી પુદ્ગલથી અને હું ચલાવું છું એવું અભિમાન હતું. અભિમાન નીકળી ગયું. જીતુભાઇ! મોટર તો પુદ્ગલ ચલાવે છે. રોબોટ! રોબોટ ચલાવે છે. હું તો જાણનાર છું. આહાહા! રોબોટ તેનું કામ કરે છે, કરવા દયો! આપણને શું છે? રોબોટ એટલે જડ. તેમાં ચેતન નથી. તેનું નામ રોબોટ. અત્યારે અમેરિકામાં-રશિયામાં રોબોટ નીકળ્યા છે ને? કોઇ ચા લાવે છે, કોફી લાવે છે, કોઇ દરવાજા ખોલે છે, આમ સલામ ભરે છે. બધું કરે છે તે રોબોટ એટલે કે તેમાં ચેતન નથી. જડનું કામ.

શ્રોતા :- ખુબી તો એ છે કે કોફી મંગાવો તો કોફી જ લાવે, ચા ન લાવે.

ઉત્તર :- અને બે કપનું કહો તો બે જ આવે. અને પછી ખાંડ વગરની કહો તો ખાંડ વગરની જ આવે. ખાંડ બિલકુલ નહીં તો ખાંડ વગરની જ કોફી આપે. કોણ કરે છે, તેમાં ચેતન તો છે નહીં ? (શ્રોતા :-પુદ્ગલ. આ વાતને ટેકો આપે છે.) આ વાતને ટેકો મળે છે. પુદ્ગલ જ કરે છે, આત્મા કરતો નથી. એમાં આત્મા નથી એમાં જીવ નથી. એના કાર્ય તો કરે છે. બધું કરે છે. (શ્રોતા :- આ વાતને પુષ્ટિ મળી.) હા, આત્મા અકર્તા છે. ટેકો મળ્યો આપણી વાતને, સર્વજ્ઞ ભગવાનની વાતને કે આત્મા અકર્તા છે, જાણનાર છે, કરનાર નથી.

આ (શરીર) રોબોટ છે. રોબોટ છે બીજું શું. આ બોલે છે કોણ? રોબોટ! રોટલી, દાળ, શાક,

ભાત જમે છે કોણ? રોબોટ! જાણે છે કોણ? જીવ. જાણે જીવ. જાણે જીવ, કરે રોબોટ. કરનાર પુદ્‌ગલ છે, જાણનાર આત્મા છે. આહાહા! હું તો જાણનાર છું, કરનાર નથી. બસ. આમાં લખ્યું છે બોર્ડમાં. આત્મા કેવળ જાણનાર છે અને કરનાર નથી. જો કર્તા હોય તો બધાને સમ્યગ્દર્શન પ્રગટ કરી દ્યે. અને સમ્યગ્દર્શન પ્રગટ થયા પછી કેવળજ્ઞાન કરી દ્યે, પણ કરવાની તાકાત નથી. આહાહા!

છે તેને જાણ અને થાય તેને જાણ. છે એને જાણ પહેલાં અને સમ્યગ્દર્શન થાય તેને જાણ. પણ જાણવું, જાણવું ને જાણવું. આત્મામાં કરવું ક્યાંય છે નહીં. કર્તાબુદ્ધિ જીવને રખડાવે છે. કરી તો શકતો નથી. કર્તાબુદ્ધિ થાય છે. કરી તો શકતો નથી. કુંભાર ઘડાને કરી શકતો નથી. કર્તાબુદ્ધિ થાય છે, મિથ્યાબુદ્ધિ. મિથ્યાબુદ્ધિથી રખડે છે. આત્મા ખરેખર રાગને કરતો હોય અને રાગને કરે તો સમ્યગ્દર્શન હોવું જોઇએ. કરે છે કોઇક અને માને છે કે હું કરું છું, તેનું નામ મિથ્યાજ્ઞાન છે.

મુમુક્ષુ :- કોણ કરે છે?

ઉત્તર :- પુદ્‌ગલ કરે છે. રોબોટ! કષાયના ભાવને કર્મ કરે છે. કર્મના લક્ષે, સંબંધથી થતાં ભાવો, એ બધા કર્મકૃત છે. પુરુષાર્થસિદ્ધિઉપાયમાં આવ્યું છે કે કર્મકૃત રાગાદિથી આત્મા અસંયુકત હોવા છતાં પણ સંયુકત જેવો લાગે છે તેનું નામ સંસાર છે. કર્મકૃત છે રાગ. બોલો! ચરણાનુયોગના શાસ્ત્રમાં આવ્યું. પુરુષાર્થસિદ્ધિઉપાય ચરણાનુયોગનું શાસ્ત્ર છે. તેમાં લખ્યું છે કે રાગ કર્મકૃત છે.

ભગવાનની પૂજાનો રાગ... તમે પૂજા કરી કે રોબોટે કરી? તો તો કોઈ પૂજા જ નહીં કરે. અરે! પૂજાનો ભાવ રોબોટ કર્યા વગર રહેશે નહીં અને આત્મા જાણ્યા વિના રહેશે નહીં. જાણવાનો સ્વકાળ એ જ્ઞેયનો છે. એ જ્ઞેય આવીને ઊભું થશે. અને જ્ઞાન તેને જાણતું પરિણમી જશે. રોબોટ કરશે અને જ્ઞાન જાણતા જાણતા મોક્ષ થઇ જશે. આહાહા! (શ્રોતા :- કરવા ન કરવાનો પ્રશ્ન જ નથી.) પ્રશ્ન જ નથી. જાણવું આત્માનો સ્વભાવ છે. (શ્રોતા :- માર્ગ મળી જાય એવી વાત છે.)

ગમનભાઇને ઘરે આપણે ગયા હતા. બહેન બેઠા છે. એમણે કહ્યું કે આટલા વર્ષથી અમે બધે જતા હતા પણ કાંઇ માર્ગ સૂઝતો નહોતો. માર્ગ સૂઝતો નહોતો. શું છે આ? અમે તો સ્ત્રી જાતિ, શાસ્ત્રનું જ્ઞાન નહીં. હૃદયથી કહેતાં હતા હો? આહાહા! હું તો જાણનાર છું, કરનાર નથી. બસ! એટલામાં તો મને શાંતિ થઇ ગઇ! શાંતિ થઇ ગઇ! બોલો! એમના પોતાના શબ્દો છે. પ્રશંસા માટે નહીં. પણ બીજાએ અનુકરણ કરવા જેવું છે એમ. હું જાણનાર છું પણ કરનાર નથી. તો જીતુભાઇ કહેશે કાલથી તો બધું બંધ થઇ જશે. કે નહીં, પુદ્‌ગલ કાર્ય કર્યા વગર રહેશે નહીં અને હું જાણ્યા વગર નહીં રહું. હું જાણીશ અને એ કામ કરશે. આહાહા! આત્મા જાણનહાર છે. 'પ્રભુ મેં જ્ઞાયકરૂપ કેવળ જાણનહારા રે' બહેનનું ભજન છે. આહાહા!

મુમુક્ષુ :- ભાઇ! રેકોર્ડ કરીએ તો બધાને કામ આવે ને?

ઉત્તર :- કયાંથી થાય? થવાનું હોય તે થયા કરે. થવાનું હોય તેમ થાય. આત્માના અધિકારની વાત નથી. આહાહા! એમાં વ્યાપ્ય-વ્યાપક સંબંધ પુદ્‌ગલનો છે. પુદ્‌ગલ કર્તા થઇને એના કાર્યને કરે છે. આહાહા! સ્પર્શ, રસ, ગંધ, વર્ણને કરે. રાગ-દ્વેષ, મોહને કરે. એ બધું કરનાર આદિ, મધ્ય, અંતમાં પુદ્‌ગલ છે. હું તો આત્માને જાણતાં જાણતાં એ પુદ્‌ગલ કરતું હોય તો જાણું છું, બસ. તે પણ નિર્વિકલ્પ

ધ્યાનમાં અવાતું નથી માટે તેને જાણું એમ વ્યવહારથી કહેવાય. બીજું કાંઇ છે નહીં.

એ ગુરુદેવે મહા મંત્ર આપ્યો છે. જીવનું ધ્યાન ખેચાતું નથી. ધ્યાન ખેચાય તો કામ થાય. કે જેમ સિદ્ધ પરમાત્મા જાણનાર દેખનાર છે. જેમ સિદ્ધ પરમાત્મા જાણનાર દેખનાર છે કે નહીં? એમ તું પણ જાણનાર ને દેખનાર છે. અધુરા પૂરાનો પ્રશ્ન છે નહીં. જરા પણ સિદ્ધથી જુદો પડયો એટલે કર્તૃત્વમાં ગયો. આખો સંસાર ઊભો થઇ જશે. આહાહા! મહા મંત્ર! આટલું કરવામાં ધર્મ થાય? અને અમે આટલું આટલું કરીએ અને ધર્મ થાય નહીં? તો કહે ના. તેમાં કર્મ થાય. જાણવામાં ધર્મ થાય અને કરવામાં કર્મ થાય.

મુમુક્ષુ :- એમાં ભાઇ! ગુરુદેવે કમાલ કરી કારણ કે વર્તમાનમાં જ સિદ્ધત્વ.....

ઉત્તર :- નહીં એમ કહે છે કે કેવળજ્ઞાન વડે જેમ સિદ્ધભગવાન કેવળજ્ઞાન વડે જાણે છે તેમ તું મતિ-શ્રુતજ્ઞાન વડે જાણે છે. પણ જાણવામાં બેયમાં કોમન છે. એમાં કેવળજ્ઞાન છે માટે જાણે છે અને મતિ-શ્રુત છે માટે જાણતો નથી, એમ નથી. નાનો દીપક પણ પ્રકાશક છે અને મોટો દીપક પણ પ્રકાશક છે. એમ એને કહેવું છે. પ્રકાશકની સરખામણીમાં સરખું છે. એમ. છે ને? નાનો દીપક પણ પ્રકાશક છે ને? અંધારું તો નથી. અને સો નો બલ્બ હોય તોપણ પ્રકાશક જ છે. પ્રકાશની અપેક્ષાએ સમાનતા છે. એમ. અધુરા પુરાનો કોઇ પ્રશ્ન કરીશમાં. એ પણ જાણનાર અને તું પણ જાણનાર. એ જાણનાર છે અને હું અધુરો છું માટે હું થોડું જાણું અને થોડું કરું? કરવું તો આત્માના સ્વભાવમાં છે જ નહીં. પચાસ પચાસ ટકા રાખો ને? નહીં? સો ટકા જાણવું? અચ્છા! બહેન બહુ ખુશી બતાવે છે, અંતરથી હો! કે અમે તો ચારે બાજુ ગયા પણ કયાંય સૂઝ નહોતી પડતી. માર્ગ નહોતો મળતો. આહાહા! હું તો જાણનાર છું, કરનાર નથી. એવી શાંતિ અનુભવાય છે! તેના પોતાના શબ્દો છે. અમે ચાર, પાંચ જણા ગયા હતા હો? બેય બહેનો હતા, પછી કોણ? મીઠાભાઇ હતા, હું હતો. તમે હતા? અમારા ભાઇસાહેબ! યાદ છે ને ભાઇ સાહેબ! આત્મા છે ને? એમાં શું છે? શાસ્ત્રની શું જરૂર છે? મૂળ વાત પકડી લીધી. જાણનાર છું, કરનાર નથી. પંડિતો ગોથા ખાય અને તે પામી જાય એવું છે આ. જાણનાર છું, કરનાર નથી. ઉપરથી દેવ આવે તોપણ ફરાય નહીં. જાણનાર જ છું, કરનાર નથી. આ રસોઇ કોણે કરી? તો કહે પુદ્ગલે કરી. કહી દેવું ચોખ્ખું. કોઇનો ડર બર ન રાખવો. પુદ્ગલ કરે છે રસોઈ તો કરે છે.

મુમુક્ષુ :- સ્વરૂપ જ એમ છે ને.

ઉત્તર :- એમ છે. એમાં શું? પુદ્ગલના પરિણામને તો પુદ્ગલ કરે. જીવના પરિણામને જીવ કરે. પુદ્ગલના પરિણામને પુદ્ગલ કરે. રોટલી, દાળ, શાક, ભાત જીવના પરિણામ છે કે પુદ્ગલના? પુદ્ગલના. તો પુદ્ગલ કરે કે જીવ કરે? પુદ્ગલ કરે. અને ઢોકળું બનાવે એ કોણ? શારદાબહેન! (શ્રોતા :- એનો વ્યાપ્ય-વ્યાપક એનામાં છે.) એમાં છે, તમારામાં નથી, એમ. પુદ્ગલની સાથે વ્યાપ્ય-વ્યાપક છે કર્તા-કર્મનો.

મુમુક્ષુ :- હું એ રૂપે થાવ તો ઢોકળું થાય મારાથી.

ઉત્તર :- તમે ઢોકળારૂપે ના થાવ એટલે કર્તા નથી?

મુમુક્ષુ :- ના, કર્તા નથી. જાણવારૂપે છું.

ઉત્તર :- એને કરવા જાવ તો ઢોકળા થઇ જાવુ પડે તો જીવનો નાશ થય જાય. માટે મારે ઢોકળું કરવું નથી. ઢોકળું થાય એમ જાણું છું પણ કરૂં નહીં. કરૂં તો હું ઢોકળું થઇ જાવ. મર્મ છે. એ મય થાય તો કરે ને?

મુમુક્ષુ :- વ્યાપ્ય-વ્યાપક સંબંધ એકમાં જ હોય ને?

ઉત્તર :- એકમાં જ હોય ને? હું ઢોકળું કરૂં તો ઢોકળું થઇ જાવ. મારે ઢોકળું થાવું નથી. મારે તો આત્મા રહેવું છે. એકદમ લોજીક અને ન્યાયથી વાત છે. તન્મય ન થાય.

મુમુક્ષુ :- કરવું નહીં પણ ધ્યાન તો બરાબર રાખવું જોઇએ ને?

ઉત્તર :- લ્યો! કરવું નહીં પણ ધ્યાન તો રાખવું જોઇએને. ત્યાં ધ્યાન રાખવું છે કે અહીં ધ્યાન રાખવું છે? જાણનારને જાણવામાં ધ્યાન રાખવું કે એનું ધ્યાન રાખવું? એમાં જાણનાર અર્પાય તો આત્મા ગુમ થઇ જાય. ખરેખર આત્મા જ જણાય છે. અને આત્માને જાણતાં જાણતાં એ બધી પર્યાયો પુદ્‌ગલ કરે છે એમ સહેજે જાણવામાં આવે. જાણવાની ઇચ્છા નથી પણ જણાય જાય છે, બસ. ટાઈમ થઇ ગયો. બોલો પરમ ઉપકારી પૂજ્ય સદગુરુદેવ નો જય હો!